# PAC સંકલન બેઠક મિનીટ્સ

તા.10/08/2022

સમય: 03:30PM

- આજ રોજ તા.10/08/2020 ના રોજ કલેકટર કચેરી, પાટણ ખાતે માનનીય કલેકટરશ્રીની અધ્યક્ષતામાં PACની બેઠક યોજાઈ. જેમાં માનનીય કલેકટરશ્રીને પુસ્તક દ્વારા ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પી.આર.રાવલ દ્વારા પુસ્તક આપી સન્માન, સ્વાગત કરવામાં આવ્યું.
- પ્રાચાર્યશ્રી ડૉ.પી.આર.રાવલ દ્વારા ડાયટની કાર્યવિધિ તથા બી.એડ.ના વિવિધ કાર્યક્રમોથી વાકેફ કરી ચર્ચા કરવામાં આવી.
- જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વાકેફ કરી ચર્ચા કરવામાં આવી.
- ઇન્સ્પાયર એવોર્ડ, ઇનોવેશન ફેર, ગુણોત્સવ-2, વિવિધ તાલીમ કાર્યક્રમ, શાળા પ્રવેશોત્સવ, બાળમેળો, સ્કૂલ ઓફ એક્સલન્સ જેવા વિવિધ કાર્યક્રમો વિશે ચર્ચા તથા માર્ગદર્શન મેળવવામાં આવ્યું.
- બી.એડ.ના તાલીમાર્થીઓની ઇન્ટર્નશીપ કાર્યક્રમ વિશે પણ ચર્ચા કરવામાં આવી.
- FLN અંતર્ગત કલેકટરશ્રી દ્વારા તાલીમાર્થીઓને ઇન્ટનશીપ કાર્યક્રમ વિશે વાર્તાલાપ કરવામાં આવી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળકોની કચાશ ધરાવતા બાળકો વિશે પણ ચર્ચા કરવામાં આવી.
- શાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ તાલીમાર્થીઓને પ્રશ્નોત્તરી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- શાળામાં પડતી કઠિનબિંદુઓ આધારિત વર્ષ 2022-23નું આયોજન મુજબ માર્ગદર્શન મેળવવામાં આવ્યું.
- એકમ કસોટી, સામાયિક કસોટી, NAS, GAS જેવી વિવિધ પરીક્ષાઓ દ્વારા પડતી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટેનું આયોજન વિશે ચર્ચા કરવામાં આવી.
- દરેક શાળામાં અનિયમિત બાળકોને નિયમિત કરવા બાબતના વિચારોને લઈને શિક્ષકો દ્વારા વાલી સંપર્ક કરીને વધુમાં વધુ પ્રિય બાળકો હાજર રહીને શિક્ષણ મેળવે તેવા પ્રયત્નો કરવા માટે માનનીય કલેકટરશ્રીનું સૂચન કરવામાં આવ્યું.
- બી.એડ્.ની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવામાં આવી.
- આંગણવાડી બહેનોને છ માસનો ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા લેવાતી પ્રિ-સ્કુલ કોર્ષ વિશે પણ ચર્ચા તથા માર્ગદર્શન મેળવવામાં આવ્યું.
- ગુણોત્સવ-2.0 વિશે ચર્ચા, ગુણોત્સવ 2.0 ગ્રેડેશન દ્વારા માહિતી આપવામાં આવી.
- બ્લેક અને રેડ ઝોન શાળાઓ દ્વારા જે કંઈ પ્રવૃત્તિઓ કે આયોજનમાં ખામી છે તેને કેવી રીતે સુધારો કરવો તેનું તથા જરૂર પડે ત્યાં કલેકટરશ્રીએ મદદ માટે પણ આવાહન કર્યું.
- ઇનોવેશન તથા ગણિત-વિજ્ઞાન પ્રદર્શન વિશે ચર્ચા કરવામાં આવી.
- સાંતલપુર તાલુકાના અગરિયા વિસ્તારના બાળકો માટે પણ શિક્ષણ સુધારણા કાર્યક્રમની વિવિધ પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવામાં આવી.
- તાલીમ મોડ્યુલ નિર્માણ અને વિવિધ પ્રવૃત્તિઓ યુક્ત તાલીમ વિશેનું આગોતરું આયોજનની ચર્ચા.

- વર્ષ 2022-23 ના વિવિધ કાર્યક્રમોનું આયોજન અને જેમાં વર્ષ 2021-22 માં રહેલી ક્ષતિઓને દૂર કરી વધુ સારું પરિણામ મેળવવા ખાત્રી આપવામાં આવી.
- રેડ અને બ્લેક ઝોનની શાળાઓને સુધારણા કરવા માટેનું તથા પ્રિય બાળકોને વધુ શાળામાં તથા વધુ સારું શિક્ષણ મેળવી શકે તેવા પ્રયત્નો કરવા કલેક્ટરશ્રીનું સૂચન કરવામાં આવ્યું.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે રોલ-મોડેલ તરીકે પ્રોત્સાહિત કરી શાળાના બાળકો વધુ આગળ વધે તેવા પ્રયત્નો કરવા કલેકટરશ્રીનું સુચન અને માર્ગદર્શન આપવામાં આવ્યું.













